

રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ

# આરજેસી પ્રમાણીકરણ હેન્ડબુક



Responsible Jewellery Council



# ધ રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ

આ રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ (આરજેસી) એ હીરા, સોના અને પ્લેટિનમ જૂથ ધાતુઓના આભૂષણોના પૂરવઠા શ્રૃંખલાની બિન નફાકારક એવા ધોરણો સુચોજિત કરનાર અને પ્રમાણીકરણ સંસ્થા છે.

શ્રેષ્ઠ આભૂષણ અને ઘડિયાળના વૈશ્વિકઉદ્યોગમાં વિશ્વાસ જન્માવેએવીએક જવાબદાર શ્રૃંખલા વિશ્વભરમાં ઊભી કરવાનો અમારો દૃષ્ટિકોણછે.

શ્રેષ્ઠ આભૂષણ અને ઘડિયાળના વૈશ્વિકઉદ્યોગમાં વિશ્વાસ જન્માવેએવીએક જવાબદાર શ્રૃંખલા વિશ્વભરમાં ઊભી કરવાનો અમારો દૃષ્ટિકોણછે.

આરજેસી એ સાતત્યતા ધોરણો માટેના વૈશ્વિક સંગઠન એવા આઈએસઈએએલ એલાયન્સનું સંપૂર્ણ સભ્ય છે. આરજેસીના ધોરણો પારદર્શક અને બહુવિધ-ભાગીદારોની સહયોગી પ્રક્રિયા દ્વારા સુચોજિત કરવામાં આવે છે. આરજેસીનો અન્વેષક માન્યતા કાર્યક્રમ અન્વેષકોની તાલીમ અને ખાતરીનું ધ્યાન રાખે છે.

અને આરજેસીનો દેખરેખ અને મૂલ્યાંકન કાર્યક્રમ તમામ હિસ્સેદારો માટે પરિણામોને સુધારવામા મદદ મળી રહે તે માટે પ્રમાણીકરણની અસરોની આકારણી કરે છે.

નવેમ્બર 2013

iseal alliance member

# આરજેસી પ્રમાણીકરણ માટેનો કારોબારી કિસ્સો

શું તમે રોકાણકારો, આપૂર્તિકારો અથવા ગ્રાહકોને દર્શાવવા માંગો છો કે તમારા કારોબારમાં તમે સખત ધોરણો લાગુ કરો છો?

નૈતિક મુદ્દાઓ પ્રત્યે સક્રિય પ્રતિભાવ આપવા સક્ષમ બનીને તમારા કારોબારની પ્રતિષ્ઠાને રક્ષવા તરફ લક્ષ્ય રાખી રહ્યાં છો?

તમારી આંતરિક વ્યવસ્થાપન પ્રણાલીઓને મજબૂત કરવા પ્રત્યે આતુર છો?

જવાબદાર સ્ત્રોતના પડકારો સાથે ચાલવાનો પ્રયાસ કરી રહ્યા છો?

જ્વેલરી સામગ્રીઓના ઉદ્ભવસ્થાન વિશેના તમારા દાવાઓ માટે સ્વતંત્ર ખાતરીઓ તપાસી રહ્યાં છે?

શું ગ્રાહકો અથવા હિસ્સેદારો જવાબદાર વ્યવહારો પ્રત્યે તમારી પ્રતિબદ્ધતા વિશે પૂછી રહ્યા છે?

આરજેસી પ્રમાણીકરણ લેવા માટેના આ બધા સારા કારણો છે.

આરજેસીના સ્વૈચ્છિક ધોરણો કોર્પોરેટ જવાબદારીના મુદ્દાઓની વિસ્તૃત શ્રેણીને આવરી લે છે અને જ્વેલરીના પૂરવઠાની શ્રૃંખલા માટે વિશિષ્ટ રીતે સંરચિત કરવામા આવ્યાં છે.

આરજેસી પ્રમાણીકરણ તમારા કારોબારના સ્વતંત્ર, તૃતીય પક્ષ અન્વેષણ દ્વારા હાંસલ થાય છે. આરજેસી તમને આ યાત્રામાં મદદરૂપ બનવા માટે તાલીમ, માર્ગદર્શન અને સાધનો ઉપલબ્ધ કરાવે છે.

આરજેસીના સભ્યો કહે છે કે બાહ્ય અન્વેષણના લાભોમાં તેમની પ્રણાલીઓ અને વ્યવહારોની એક 'તાજી આંખે' કરવામાં આવતી સમીક્ષાનો સમાવેશ થાય છે અને આ પ્રક્રિયાનો ઉપયોગ તેમના કારોબારોમાં અસરકારક અને કાર્યક્ષમ સુધારાઓ લાવવા માટે કરવામાં આવે છે.

વધારે વિસ્તારપૂર્વક કહેવું હોય તો, હિસ્સેદારોની વધતી જતી સંખ્યા સ્વૈચ્છીક ધોરણોની સામે પ્રમાણીકરણનું મૂલ્ય સમજવા લાગી છે. શ્રેષ્ઠ વ્યવહારની સામે તમારી જાતને બેન્ચમાર્ક કરવાની બુદ્ધિશક્તિ તમારા કારોબારમાં તમને આત્મવિશ્વાસ, તેની પ્રતિષ્ઠા પૂરાં પાડે છે, અને તેનું સામર્થ્ય કંઈક અલગ કરવાનું બળ પુરું પાડે છે.

# કોણ પ્રમાણિત થઈ શકે છે?

ઔપચારિક રીતે પ્રમાણિત થવા માટે, કારોબારોને આરજેસી સાથે જોડાવાની અને સભ્યપદની ફી ચુકવવાની જરૂર પડે છે. આરજેસી તેનાં સભ્યો વતીથી માત્ર આરજેસી કાર્યક્રમને ચલાવવા અને તેના સતત પરિષ્કરણ માટે અસ્તિત્વ ધરાવે છે. પ્રમાણીકરણના માર્ગ અને તેનાથી આગળ એમ બંને માર્ગે સભ્યોનો સહકાર ટોચની અગ્રિમતા ધરાવે છે.

કોઈપણ કારોબાર આરજેસીની વેબસાઈટ પરથી આરજેસીના ધોરણો ડાઉનલોડ કરી શકે છે અને મુખ્ય પ્રશ્નોના સામાન્ય માર્ગદર્શનથી લાભાન્વિત થઈ શકે છે, જોખમોની આકારણી કરી શકે છે અને પ્રણાલીઓ સ્થાપી શકે છે, ત્યારે માત્ર આરજેસી સભ્યો જ આરજેસી પ્રમાણીકરણનો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે અને તેનો લાભ લઈ શકે છે.

## હું સભ્ય કેવી રીતે બની શકું?

આરજેસીનું સભ્યપદ મોટા કે નાના, વિશ્વમાં ક્યાંય પણ કાર્યરત, કોઈપણ કારોબાર માટે ખુલ્લું છે, જે હીરા, સોના અથવા પ્લેટિનમ જૂથ ધાતુઓમાં સક્રિય હોય.

આરજેસીમાં જોડાવાથી, વાણિજ્યિક સભ્યો નીચેનામાંથી કોઈ એક સભ્ય ફોરમમાં જોડાય છે.

નિર્માતા | રીફાઈનર | સેવાકીય ઉદ્યોગ | હીરા વેપાર/કટીંગ/પોલિશીંગ | ઉત્પાદક | છુટક વિક્રેતા

## વેપાર સંગઠનોનું શું?

વેપાર સંગઠનો પણ આરજેસીમાં સભ્ય તરીકે જોડાવવા માટે આવકાર્ય છે, જો કે તેમને પ્રમાણીકરણ લેવાની જરૂર નથી. વેપાર સંગઠનો તેમના પોતાના સભ્યપદ દ્વારા આરજેસીની ક્ષમતા નિર્માણ ક્ષેત્રે પહોંચક્ષમ અને આધારમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

EMAIL

WEBSITE

આરજેસીની સાથે જોડાવવા વિષે વધુ માહિતી માટે, અહિં ક્લિક કરો

## જો મારો કારોબાર નાનો હોય તો શું?

નાનીથી મધ્યમ સંસ્થાઓ (એસએમઈ) વૈશ્વિક જ્વેલરી પૂરવઠા શ્રૃંખલાનો નિર્ણાયક ભાગ છે. પ્રમાણીકરણ નાના કારોબારોને વારંવાર સામનો કરવો પડતો હોય તેવા અન્ય તમામ દબાણોની સાથે ભયાવહ લાગી શકે છે. જો કે, આરજેસીના લગભગ 40% વર્તમાન સભ્યો એસએમઈ છે, અને તેઓ અહેવાલ આપે છે કે પ્રમાણીકરણની પ્રક્રિયાએ તેમના કારોબારમા સુધારો લાવવા અંગેના મૂલ્યવાન માર્ગોની ઓળખ કરવામાં તેમને મદદ કરી છે.

આરજેસી ઓફર કરે છે:

- નાના કારોબારો માટે નિમ્ન લઘુત્તમ ફી,
- તમારા અને તમારી ટીમ માટે તાલીમ, અને હેલ્પ ડેસ્ક સુધીની પહોંચ,
- ધોરણોના માર્ગદર્શનની સલાહ જે નાના કારોબારના સામાન્ય પ્રશ્નોના જવાબો પૂરા પાડે છે,
- એવા સાધનો કે જે તમારા કારોબારની સમીક્ષા કરવામાં અને તેમાં સુધાર કરવામાં મદદરૂપ બને છે, પુરાં પાડે છે.

# પ્રમાણીકરણ શું છે?

વનવિદ્યા, કૃષિ અને પ્રવાસન સહિત, ક્ષેત્રોની શ્રેણીમાં પ્રમાણીકરણનો ઉપયોગ, જવાબદાર વ્યવહારો, પૂરવઠા શ્રૃંખલાની પારદર્શકતા, અથવા સાતત્યપૂર્ણ સુધારાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવવા માટે કરવામાં આવે છે.

આરજેસી મારફત, જ્વેલરી ક્ષેત્ર હવે વૈશ્વિક રીતે માન્ય પ્રમાણીકરણ કાર્યક્રમ ધરાવે છે જે વિશિષ્ટ રીતે તેની જરૂરિયાતો અને પ્રશ્નોને સંબોધવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

## પ્રમાણીકરણની પ્રણાલી ચાર મહત્ત્વના ઘટકો ધરાવે છે:

પ્રમાણીકરણ પ્રણાલીના ઘટકો (આઈએસઈએલ એલાયન્સ, 2008માંથી સ્વીકારેલ)




**1** ધોરણ

સ્વૈચ્છિક ધોરણ પૂરી પાડવની જરૂરિયાતોની રૂપરેખા તૈયાર કરે છે;

**2** અન્વેષકની માન્યતા

ધોરણોની સામે અનુકૂલનતાના મૂલ્યાંકન માટે સક્ષમ તરીકે સ્વતંત્ર, તૃતીય પક્ષ અન્વેષકોને માન્યતા આપવામાં છે;

**3** Iતૃતીય પક્ષ દ્વારા સ્વતંત્ર અન્વેષણ

માન્યતાપ્રાપ્ત અન્વેષકો દ્વારા સભ્યોના અન્વેષણો ચકાસણી યોગ્ય ઉદ્દેશાત્મક પુરાવા ઉપલબ્ધ કરાવે છે કે કારોબાર ધોરણની જરૂરિયાતોને પૂરાં પાડે છે;

**4** અન્વેષણ

પ્રમાણીકરણ પરનો નિર્ણય અન્વેષણના પરિણામોના આધારે લેવામાં આવે છે.

પ્રમાણીકરણના સમયગાળાનો ઉપયોગ કરો:

- અનુપાલન સુધારવા માટે
- જોખમોના સંચાલન માટે ક્ષમતા નિર્માણ માટે
- શ્રેષ્ઠ વ્યવહારોમાંથી શીખવા માટે

ત્યારબાદ તમારા આરજેસી સભ્યપદને ચાલુ રાખવા માટે અને જવાબદાર વ્યવહારોની ખાતરી માટે પુન: પ્રમાણિત કરો.

# આરજેસી ધોરણો

## વ્યવહારોની આરજેસી સંહિતા

આરજેસીની આચારસંહિતા (સીઓપી)ને 2013માં પુનરાવર્તિત કરવામાં આવી હતી અને તે જ્વેલરી પૂરવઠા શ્રૃંખલા માટેના મહત્ત્વના મુદ્દાઓની વિસ્તૃત શ્રેણીને આવરી લે છે. આ સીઓપીને બહુવિધ-હિસ્સેદારોની સંમતિથી વિકસિત કરવામાં આવી હતી અને તેનું નિર્માણ આંતરરાષ્ટ્રીય ધોરણોની વિસ્તૃત શ્રેણી પર કરવામાં આવ્યું છે.

આ સીઓપી માનવ અને મજુર હક્કો, પર્યાવરણ અને કારોબારની નૈતિકતાઓને આવરી લઈને જવાબદાર કારોબારી વ્યવહારો સુયોજિત કરવાનું લક્ષ્ય રાખે છે. તે કારોબારના કોઈપણ કદ દ્વારા, હીરા, સોના અને પ્લેટિનમના જૂથ ધાતુઓની જ્વેલરી પૂરવઠા શ્રૃંખલાના તમામ ક્ષેત્રોમાં, ખનનથી લઈને છુટક વિતરણ સુધી લાગુ થઈ શકે છે.

બધા જ આરજેસી સભ્યોએ આચારસંહિતાની સામે તેમના સભ્યપદને જાળવી રાખવા પ્રમાણીકરણ હાંસલ કરી લેવું જરૂરી છે. આ ધોરણોની સામે પ્રમાણીકરણ હાંસલ કરવા માટે સભ્યો જોડાયાની તારીખથી બે વર્ષનો સમય ધરાવે છે.

WEBSITE

વધુ માહિતી માટે અહિં ક્લિક કરો

## આરજેસી ચેઈન-ઓફ-કસ્ટડી ધોરણ

આરજેસી ચેઈન-ઓફ-કસ્ટડી (સીઓસી) ધોરણ 2012માં શરૂ કરવામાં આવ્યાં હતા. તે સોના અને પ્લેટિનમ જૂથ ધાતુઓને લાગુ પડે છે, અને સીઓપીથી વિરૂદ્ધ, અહિં આરજેસી સભ્યો માટે ધોરણોની સામે પ્રમાણીકરણ સ્વૈચ્છીક છે.

આરજેસીના સીઓસી ધોરણ જ્વેલરી પૂરવઠા શ્રૃંખલામાં જવાબદાર સ્ત્રોત ઊભાં કરવામાં વૃદ્ધિ માટેનું મંચ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખે છે. તે સીઓપી (અથવા સમકક્ષ)ને પ્રમાણીકરણના સાથી તરીકે જરૂરી ગણીને વ્યવહારોની સંહિતાનું નિર્માણ કરે છે, એ રીતે એ પૂરવઠા શ્રૃંખલાના દરેક પગલા મારફત કારોબારોને જવાબદાર વ્યવહારોની સાથે જોડવાની એક રીત છે.

રીફાઈનર્સ ઓઈસીડી દ્વારા આપવામાં આવેલી કર્મઠતા માર્ગદર્શન મુજબ આરજેસીના સીઓસી ધોરણનો ઉપયોગ અન્વેષણ માટે કરી શકે છે. લંડન બુલિયન માર્કેટ એસોશિએશન (એલબીએમએ) સાથે બેવડી ઓળખ અને વિખવાદ-રહિત સ્ત્રોત માટેની પહેલનો અર્થ આરજેસીના સીઓસી ધોરણો રીફાઈનર્સ માટે બહુવિધ ધોરણોની જરૂરિયાતોને એક જ સમયે પહોંચી વળવા માટેના અસરકારક માર્ગ છે એવો થાય છે.

WEBSITE

વધુ માહિતી માટે અહિં ક્લિક કરો

# આરજેસી પ્રમાણીકરણ શું છે?



## ધોરણો

સભ્યો માટેના આરજેસીના ફરજિયાત ધોરણ એ એક વ્યવહારોની સંહિતા છે. સભ્યો માટે જરૂરી છે કે તેઓ આરજેસીમાં જોડાયાના બે વર્ષની અંદર સીઓપીની જરૂરિયાતોને સંતોષે.

સભ્યના લાભ તરીકે, આરજેસીના સ્વૈચ્છિક ચેઈન-ઓફ-કસ્ટડી ધોરણનો ઈચ્છિત હોય તે રીતે જવાબદાર સ્ત્રોત ઊભા કરવાના આધાર તરીકે ઉપયોગ કરી શકાય છે.

## અન્વેષકની માન્યતા

આરજેસી સ્વતંત્ર, તૃતીય પક્ષ અન્વેષકોને માન્યતા આપે છે જેઓ તમારું અન્વેષણ હાથ ધરી શકે. આ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે કે અન્વેષકો સાચી સક્ષમતા, અનુભવ અને આંતરિક નિયંત્રણો ધરાવે છે. આરજેસી તેનાં ધોરણો અને જ્વેલરી પૂરવઠા શ્રૃંખલાની અનન્યતા વિશેની નિયમિત અન્વેષક તાલીમ પૂરી પાડે છે.

આરજેસી વૈશ્વિક અને રાષ્ટ્રીય પેઢીઓ બન્ને પાસેથી અન્વેષક અરજીઓને આવકારે છે. અન્વેષકો માન્યતા પ્રાપ્ત કરવા માટે સ્વતંત્ર રીતે અરજી કરી શકે છે અથવા આરજેસીનો સંપર્ક કરવા માટે સભ્યો દ્વારા પ્રોત્સાહિત થઈ શકે છે.

## સ્વતંત્ર તૃતીય પક્ષ અન્વેષણ

સભ્યો સ્વ-આકારણી હાથ ધરીને સ્વતંત્ર પ્રમાણીકરણ અન્વેષણ માટે તૈયાર થાય છે. આમાં કેટલોક સમય આંતરિક પ્રણાલીઓની સમીક્ષા માટે ફાળવવાનો અને તેને અનુકૂલન માટે લઈ આવવાનો સમાવેશ થાય છે. આરજેસી આ પ્રક્રિયામાં રહેલા સભ્યોને તાલીમ અને સહકાર પૂરો પાડે છે.

સભ્યો ત્યારબાદ માન્યતાપ્રાપ્ત અન્વેષકો સાથે સામેલ થઈને તેમના અન્વેષણો હાથ ધરશે, જેમાં કંપનીના સ્થળ/ળોની મુલાકાતનો સમાવેશ થાય છે. માન્યતાપ્રાપ્ત અન્વેષકો સ્વતંત્ર તૃતીય પક્ષકારો છે. આરજેસી તેની જાતે અન્વેષણો હાથ ધરતી નથી.

કારોબારીઓ ઘણીવખત પૂછે છે  તેમાં કેટલો ખર્ચ થાય છે?  તેનો જવાબ એ છે કે, સ્વ-આકારણી દરમિયાન જેટલી સારી પૂર્વતૈયારી હશે, અન્વેષણ ખર્ચ એટલો જ ઓછો આવશે. ખર્ચ કારોબારના કદ, જોખમોના પ્રકારો, અને જે વિસ્તારમાં કારોબાર ચાલી રહ્યો છે (જે અન્વેષકોના પ્રવાસ ખર્ચથી સંબંધ ધરાવે છે) તે મુજબ ભિન્ન હોઈ શકે છે. સભ્યોને અન્વેષકોનો સીધો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે અને સંભવિત ખર્ચને વધુ સારી રીતે સમજી શકાય તે માટે અંદાજ માંગવા માટે જણાવવામાં આવે છે. આ બરાબર નાણાકીય, કાનૂની કે માર્કેટિંગ નિષ્ણાત જાણકારી મેળવવા જેવું જ વ્યાવસાયિક જોડાણ છે.

## પ્રમાણીકરણ

અન્વેષણ પૂર્ણ કરી લીધા બાદ, અન્વેષક આરજેસીને એક અહેવાલ આપશે જેમાં અનુકૂલનશીલતાનું નિવેદન સમાવિષ્ટ હશે. આના આધાર પર, આરજેસી એક અથવા ત્રણ વર્ષ માટે પ્રમાણીકરણનું અનુદાન કરશે. એક વર્ષનું પ્રમાણીકરણ ત્યારે આપવામાં આવે છે જ્યારે વ્યવહારોની સંહિતાની સામે પ્રમુખ બિન-અનુકૂલનશીલતા ધ્યાન પર આવે છે. આ સભ્યોને એક વર્ષ સુધી સુધારાત્મક પગલાં પર કામ કરવાની તક પૂરી પાડે છે, તેમને સુધરવા માટે તક આપે છે.

પ્રમાણિત સભ્યોને દરેક સફળ અન્વેષણ માટે એક અનન્ય આરજેસી પ્રમાણીકરણ ક્રમાંક ફાળવે છે. એક જાહેર કરવામાં આવેલા પ્રમાણીકૃત સભ્યોની ઉપલબ્ધ યાદી અને દરેક પ્રમાણીકરણની વિગતોને આરજેસીની વેબસાઈટ પર જાળવવામાં આવે છે.

EMAIL

આરજેસી માન્યતા માટે વધુ માહિતી માટે અહિં ક્લિક કરો

WEBSITE

# પ્રમાણીકરણની ગુંજાશ

આરજેસી વ્યવહારોની સંહિતા માટે, આરજેસી દરેકને એક અલગ સુવિધાની બદલે, સભ્યોને સમગ્રપણે પ્રમાણિત કરે છે. આ માત્ર 'વધુ' સારા સ્થળો પર જ નહિં પરંતુ સભ્ય કંપનીની અંદર તમામ સંલગ્ન સુવિધાઓમાં જવાબદાર વ્યવહારોને વિસ્તારપૂર્વક લઈ શકવાનું પ્રોત્સાહન મળે તે માટે કરવામાં આવે છે.

આરજેસી સભ્યોએ તેમની સીઓપી પ્રમાણીકરણ ગુંજાશમાં એ તમામ સુવિધાઓનો સમાવેશ કરવો જોઈએ જેની તેઓ માલિકી અથવા નિયંત્રણ ધરાવતા હોય અને જે હીરા, સોના અને પ્લેટિનમ જૂથ ધાતુઓની જ્વેલરી પૂરવઠા શૃંખલાને યોગદાન પૂરું પાડતી હોય.

આરજેસી સીઓસી ધોરણ સ્વૈચ્છિક છે અને એટલા માટે આરજેસી સભ્યો માટે જરૂરી નથી. સીઓસી પ્રમાણીકરણ ગુંજાશમાં સભ્યની માલિકીની અથવા તેમના નિયંત્રણ હેઠળની તમામ સુવિધાઓને સામેલ કરવાની જરૂર નથી અને વ્યક્તિગત સુવિધાઓને આવરી શકાય છે. સીઓસી પ્રમાણીકરણને એક સભ્યના બધા જકિંમતી ધાતુઓનાસ્ત્રોત કરવાની કે વેચાણને આવરી લેવાની જરૂર પડતી નથી, અને ગુંજાશનો આધાર સીઓસીસામગ્રીનાઈનપુટ્સની ઉપલબ્ધતા અને ગ્રાહકોની માંગ પર રહે છે.

સીઓપી પ્રમાણીકરણ ગુંજાશ પરની વિગતો અને, જ્યાં લાગુ થવાપાત્ર હોય ત્યાં, દરેક પ્રમાણિત માટે સીઓસી પ્રમાણીકરણ ગુંજાશ આરજેસી વેબસાઈટ પર વ્યક્તિગત સભ્યની લિન્ક પર ક્લિક કરીને, અને ત્યારબાદ 'પ્રમાણીકરણ માહિતી' હેઠળની લિન્ક પર ક્લિક કરીને શોધી શકાય છે.

આરજેસી પ્રમાણિત સભ્યો અથવા પ્રમાણીકરણની ગુંજાશ પરની કોઈપણ ચિંતાઓને આરજેસી ફરિયાદ વ્યવસ્થાતંત્ર મારફતે ઉઠાવી શકાય છે.

## અસરની સમજ

આરજેસીનુ તેના સભ્યો સાથેનું કાર્ય માત્ર પોતાના માટે પ્રમાણીકરણ પુરતું જ નથી. તે જ્વેલરી પુરવઠા શ્રૃંખલા તેના મુખ્ય પ્રશ્નો સાથે જે રીતે વ્યવહાર કરે છે તેને સુધારવાનું લક્ષ્ય ધરાવે છે, બદલામાં કામદારો, સમુદાયો, કારોબારી ભાગીદારો, પર્યાવરણ અને વિસ્તારપૂર્વક હિસ્સેદારો માટે હકારાત્મક અસરો તરફ દોરી જાય છે.

તેની અસરોને સમજવા માટે, આરજેસી:

- અન્વેષણ અહેવાલોમાંથી બધી જ અનુકૂલન વિગતોની દેખરેખ રાખે છે
- સભ્યો પાસેથી તેમના પ્રમાણીકરણ અનુભવના અનુસરણ બાદ અને ધોરણોના વિકાસ દરમિયાન તેના હિસ્સેદારો પાસેથી પ્રતિભાવો માંગે છે
- વ્યક્તિગત સભ્યો પરના કેસ સ્ટડીઝ વિકસિત કરે છે અને પ્રમાણીકરણની પ્રક્રિયામાંથી પ્રાપ્ત પરિણામો તૈયાર કરે છે
- ચોક્કસ ક્ષેત્રો અને પ્રશ્નો માટે અસરોની આકારણી માટે ચાલુ આધાર પર સ્વતંત્ર સંશોધન હાથ ધરે છે અને તેનું મૂલ્યાંકન કરે છે.

WEBSITE

વધુ માહિતી માટે અહિં ક્લિક કરો

# હું ક્યાંથી શરૂઆત કરું?

## આરજેસી તેના સભ્યોને મદદ પૂરી પાડે છે

જ્યારે તમે આરજેસી સાથે જોડાઓ છો, ત્યારે તમે એક એવા સંગઠનની સાથે જોડાઓ છો જે અહિં તમને શ્રેષ્ઠ વ્યવહાર હાંસિલ કરવામાં મદદ માટે ઉપસ્થિત છે. આરજેસી તમારી પ્રમાણીકરણની પ્રક્રિયાને નિમ્ન બાબતો સાથે સહકાર આપે છે:

- તાલીમ અને સહશિક્ષણની તકો
- ટુલકિટ જે તમને એક-એક પગલાં પર લઈ જાય
- સર્વગ્રાહી માર્ગદર્શન દસ્તાવેજો
- એક હેલ્પ ડેસ્ક.

## મુખ્ય માર્ગદર્શન અને સાધનો

શરૂઆત કરવા માટે, તે સહાયક દસ્તાવેજોના ક્રમને સમજવામાં મદદ કરે છે.













| Code of Practices | Chain of Custody |
|---|---|
| **ધોરણ** | |
| આરજેસી વ્યવહારોની સંહિતા (સીઓપી) 2013 | આરજેસી ચેઈન-ઓફ-કસ્ટડી (સીઓસી)ધોરણ 2012 |
| **ધોરણ – ચોક્કસ માર્ગદર્શન** | |
| સીઓપી ધોરણોનું માર્ગદર્શન સીઓપીની દરેક જોગવાઈઓની પશ્ચાદભૂ અને અમલીકરણ માર્ગદર્શન. | સીઓસી ધોરણોનું માર્ગદર્શન સીઓસીનીદરેક જોગવાઈઓનીપશ્ચાદભૂ અને અમલીકરણ માર્ગદર્શન. |
| **સામાન્ય માર્ગદર્શન** | |
| આકારણી માર્ગદશિકા 2013 સ્વ-આકારણી કેવી રીતે હાથ ધરવી અને અન્વેષણ માટે કેવી રીતે તૈયારી કરવી. | |
| **ટુલકિટ્સ** | |
| સ્વ-આકારણી કાર્યપુસ્તિકા તમને આંતરિક રીતે અનુકૂલન આકારણીની મદદ અને અન્વેષણ પૂર્વે સુધારાત્મક પગલાઓને સ્થાનબદ્ધ કરવા માટે એક એક્સેલ સ્પ્રેડશીટ<br><br>જોખમ આકારણી ટુલકિટ જોખમની આકારણી માટેની પ્રક્રિયાને સુયોજિત કરે તેવી એક એક્સેલ સ્પ્રેડશીટ.<br><br>માનવાધિકારો સંબંધી કર્મઠતાની ટુલકિટ – માનવાધિકાર સંબંધી કર્મઠતા પ્રક્રિયા પ્રત્યે તમને માર્ગદર્શન આપે તેવી એક એક્સેલ સ્પ્રેડશીટ. | સીઓસી આકારણી ટુલકિટ – તમને આંતરિક રીતે અનુકૂલન આકારણીની મદદ અને અન્વેષણ પૂર્વે સુધારાત્મક પગલાઓને સ્થાનબદ્ધ કરવા માટે એક એક્સેલ સ્પ્રેડશીટ<br><br>સીઓસી આઉટસોર્સિંગ આકારણી જ્યાં આઉટસોર્સિંગ કોન્ટ્રાકટર્સ સીઓસી સામગ્રીનું સંચાલન કરતાં હોય ત્યા એક એક્સેલ સ્પ્રેડશીટનો ઉપયોગ કરી શકાય. |

આ તમને જરૂરિયાતો સમજાવતી સંરચનાઓ છે અને તમારો કારોબાર એક-એક પગલા ભરીને તેને પહોંચી વળે તેની ખાતરી તરફ લઈ જાય છે. આરજેસી વિના મૂલ્યે સભ્ય તાલીમ ઉપલબ્ધ કરાવે છે જે તમને વધુ શોધ તરફ લઈ જવામાં મદદરૂપ બને છે.

# પ્રક્રિયાનું સંચાલન કરવું

સભ્યોને તેમની સ્વ-આકારણી પ્રક્રિયા અને અન્વેષણ માટે એક આંતરિક આરજેસી સંકલનકાર નિયુક્ત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. સંકલનકાર નીચેની બાબતો પર નજર રાખવામાં મદદ કરી શકે છે:

- સભ્યોની સ્વ-આકારણી પૂર્ણ કરવી અથવા સોંપણી કરવી
- સંપર્ક અને આધાર માટેનું કેન્દ્ર બિંદુ બની રહેવું
- માન્યતાપ્રાપ્ત અન્વેષકને રોકવા માટે સંકલન કરશે
- અન્વેષકને અન્વેષણ માટેની માહિતી, સમય નિયોજન અને સહયોગી સેવાઓમાં મદદરૂપ બનવું
- આરજેસી વ્યવસ્થાપક ટીમને પ્રગતિ પર સંપર્ક કરવો.

## મારે વધુ મદદ જોઈતી હોય તો શું?

સભ્યો સક્ષમ પરામર્શકાર અથવા સલાહકારની મદદ લેવાનું પણ ધ્યાને લઈ શકે છે. સભ્યો સંભવિત મુશ્કેલીઓ અને તેના ઉકેલો શોધવા માટે બાહ્ય મદદની માંગ કરવાની પસંદગી પણ કરી શકે છે. એ નોંધ લો કે હિતસંઘર્ષો ટાળવા માટે, આ સલાહકારો અન્વેષણમાં પણ ભૂમિકા ભજવી શકતાં નથી.

## અન્વેષણમાં શું સમાવિષ્ટ કરવામાં આવે છે?

અન્વેષકો સીધાં જ સભ્યો દ્વારા રોકવામાં આવે છે. તમે આરજેસીની વેબસાઈટ પર ઉપલબ્ધ આરજેસી દ્વારા  માન્યતા પ્રાપ્ત અન્વેષકોની યાદીમાંથી પસંદગી કરી શકો છો.

અન્વેષકો સામાન્ય રીતે નીચેના પગલાં હાથ ધરી શકે છે:

1. સભ્યોના સ્વ-મૂલ્યાંકન અને અન્ય સંબંધિત માહિતીની પ્રારંભિક ડેસ્કટોપ સમીક્ષા;
2. સભ્યોની સુવિધાઓ અને વ્યવહારોની મુલાકાત અને આકારણી માટે પ્રતિનિધિની પસંદગી;
3. પંસદગીની સુવિધાઓના નમૂના ખાતે સ્થળ પરની સમીક્ષા મારફત સભ્યોના સ્વ-મૂલ્યાંકનની ચકાસણી;
4. બિન-અનુકૂલનની ઓળખ જેમાં સુધારાત્મક પગલાની જરૂર છે અને લક્ષ્યાંકોની સામે પ્રગતિની અનુવર્તી સમીક્ષાઓ હાથ ધરવી, જો જરૂરી હોય તો;
5. અનુકૂલનના નિવેદન જે આરજેસીને પ્રમાણીકરણ આપવા માટે પરવાનગી આપે તેના સહિત સભ્યો અને આરજેસીની વ્યવસ્થાપન ટીમને મોકલવામા આવતાં અહેવાલો તૈયાર કરવા.

## એકવાર તમે પ્રમાણિત થઈ જાઓ પછી

અભિનંદન!! તમને એ જાણીને લાભ થશે કે તમને સારી પ્રણાલિકાઓ અને વ્યવહારો ક્યાં મળી રહેશે.

જો તમે કોઈપણ બિન-અનુકૂલન ક્ષેત્ર ધરાવતા હો તો, તમે સુધાર માટે પ્રમાણીકરણના સમયગાળા દરમિયાન આના પર કાર્ય કરી શકો છો. આમાં પ્રશ્નોની સારી સમજ મેળવવાનો, સંલગ્ન કર્મચારીઓમાંના બધા જ શું કરવાની જરૂર છે એ સમજી શકે તેની ખાતરી કરવાની, અને અન્ય સભ્યોએ મુખ્ય જોખમો સાથે કેવી રીતે વ્યવહાર કર્યો છે તેની જાણકારી પ્રાપ્ત કરવાનો સમાવેશ થઈ શકે છે,

તમારા પ્રમાણીકરણના સમયગાળા પર આધારિત, ૧ અથવા ૩ વર્ષોમાં પુન: પ્રમાણીકરણની જરૂર પડશે. તમારી પ્રણાલીઓ અને વ્યવહારોને હંમેશા સુધારી શકાય છે, માટે આંતરિક ક્ષમતા નિર્માણની તક ઝડપી લો અને શ્રેષ્ઠ વ્યવહારોમાંથી શીખો. સભ્યોના સાતત્યપૂર્ણ સુધારમાં મદદરૂપ બનવા માટે આરજેસી તેના તાલીમી કાર્યક્રમોમાં વૃદ્ધિ કરતુ રહેશે.

આરજેસી અમારી સાથે અને અન્ય સભ્યો અને હિસ્સેદારો સાથે તમારા અનુભવોની વહેંચણી માટે પ્રોત્સાહિત કરે છે, જેથી આપણે જ્વેલરી પુરવઠા શ્રૃંખલામાં કારોબાર માટેના માર્ગ અંગેના જવાબદાર વ્યવહારો બનાવવા માટે સાથે મળીને કાર્ય કરી શકીએ.

# ફોટો સૌજન્યો અને સંદર્ભો



**Cover:** HRD Antwerp
copyright Donald Woodrow

**Cover:** PANDORA

**Page 2:** PANDORA

**Page 7:** Rio Tinto

**Page 11:** PANDORA

*Responsible Jewellery Council*

રીસ્પોન્સિબલ જ્વેલરી કાઉન્સિલ
પ્રથમ માળ, ડડલી હાઉસ,
૩૪–૩૮ સાઉથેમ્પટન સ્ટ્રીટ
લંડન, WC2E 7HF
યુનાઈટેડ કિંગડમ

Tel + 44 (0) 20 7836 6376
Fax + 44 (0) 20 7240 5150

info@responsiblejewellery.com
www.responsiblejewellery.com